| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010013292024 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૧૬/૦૪/૨૦૨૪ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૧૬/૦૪/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| 11202038240180 | | | | ૦૧ | ૧૧ | ૨૫ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

| જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.<br>ચુકાદા તારીખ:૧૦/૦૪/૨૦૨૬<br>સ્પે.(પોક્સો) કેસ નં. ૧૬/૨૦૨૪<br>આંક–૩૨<br>(મેઘપર પડાણા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૨૦૩૮૨૪૦૧૮૦/૨૦૨૪) | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી પી.જે.પરમાર** |
| **આરોપી** | **ગોવિંદનાથ ઓમકારનાથ પાંડે,**<br>ઉ.વ.૨૩, ધંધો: ડ્રાઈવીંગ,<br>રે.વિજયનગર, કજુરડા પાટીયા,<br>તા.જામખંભાળીયા, જિ.દેવભૂમિદ્વારકા<br>મૂળ રહે. કમાલપુર ગામ, થાણા બદલાપુર,<br>જિ.જોનપુર, ઉતરપ્રદેશ. |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **શ્રી વી.એચ.કનારા** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૨/૦૩/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૫/૦૪/૨૦૨૪ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત | ૧૮/૧૧/૨૦૨૫ |

| | |
|---|---|
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

## **આરોપીની વિગત**

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોવિંદનાથ ઓમકાર નાથ પાંડે | ૧૨/૦૩/૨૦૨૪ | ૧૮/૦૭/૨૦૨૪ | ઇ.પી.કો. કલમ–૩૫૪, ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા પોક્સો એક્ટની કલમ–૮,૧૨ | નિર્દોષ | | |

## **ફોર્મ –સી**

## **ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ**

### **(એ) ફરિયાદપક્ષ તરફે :–**

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | આ કામના ભોગ બનનાર | ૧૫ |
| ૨. | ભોગ બનનારની માતા | ફરિયાદી | ૧૭ |
| ૩. | હરદેવસિંહ ઉમેદસિંહ જાડેજા | પી.એસ.ઓ. | ૨૬ |
| ૪. | ભરત ભીખુભાઇ કોડીયાતર | તપાસ કરનાર અમલદાર | ૨૯ |

### **ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪નું નિવેદન | ૧૬ |
| ૨. | ફરિયાદ | ૧૮ |
| ૩. | ભોગબનનારનું જન્મ પ્રમાણપત્રની ખરાઇ કરવાની યાદી | ૧૯ |
| ૪. | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઇ કર્યા અંગેનો પત્ર | ૨૦ |

| | | |
|---|---|---|
| ૫. | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની ખરીનકલ | ૨૧ |
| ૬. | જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ | ૨૨ |
| ૭. | આરોપીને અટક કર્યાનું તથા આરોપીએ ગુન્હામાં ઉપયોગ કરેલ મોબાઇલ તથા ઇકો કાર કબજે કર્યાનું પંચનામુ | ૨૩ |
| ૮. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૪ |
| ૯. | ભોગબનનારની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૨૫ |
| ૧૦. | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી | ૨૭ |
| ૧૧. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૨૮ |
| ૧૨. | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવાની યાદી | ૩૦ |

## –:: ચુ કા દો ::–

**નોંધઃ–** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગ બનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાની આસપાસ જોગવડ રામદુતનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાંક મકાને ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૪ વર્ષ, ૧૦ મહીનાવાળી સાથે ફોન ઉપર વાતચીત કરી લલચાવી, ફોસલાવી તેમજ આરોપીએ ભોગબનનારના નાના ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગબનનાર ઘરે એકલી હતી ત્યારે આરોપી પોતાની ઇકો ગાડી લઇ ફરિયાદીના રહેણાંક મકાને ગુન્હાહિત ઈરાદાથી રુમની અંદર પ્રવેશી, ફરિયાદીની ભોગબનનાર સગીરવયની દીકરીને એકાંતમાં મળી, ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શરીરે અડપલા કરી, ચુંબન કરી તથા છાતીના ભાગે અડપલા કરી ગુન્હો કરતાં આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ.

**૨.** આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪, ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના

અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ તથા ૧૨ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૦૩/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવતા મેઘપર પડાણા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૩૮૨૪૦૧૮૦/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪, ૩૫૪(એ) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ તથા ૧૨ મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) અન્વયેનો ગુન્હો બનતો હોઈ, સદરહુ કલમો ઉમેરવાનો રીપોર્ટ કરી આરોપી વિરુદ્ધ સદર ગુન્હા અંગે પૂરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪, ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ તથા ૧૨ અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઈ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૧૬/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

**3.** આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪૫ ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ તથા ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૯ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

૪. આરોપી વિરુદ્ધ આંક-૮થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ ન હોઈ આંક-૩૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, હું નિર્દોષ છું, ખોટી હકીકતો આધારે ફરિયાદ કરેલ હોવાનું જણાવેલ.

૫. ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૬. બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રીએ પોતાની દલીલોમાં રજૂઆત કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઈ, ખુદ ભોગબનનાર પોતાના પોલીસ રુબરુના નિવેદન તથા સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં જણાવેલ હકીકતને સમર્થન આપેલ નથી. તેમજ ભોગબનનારના માતા/ફરિયાદી ફરિયાદ હકીકતને સમર્થન આપેલ ન હોઈ હોસ્ટાઇલ જાહેર થયેલ હોઈ, આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે અને શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહિ. ભારતના પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. કેસમાં રહેલ વાજબી શંકાનો લાભ આરોપીને આપવાનો હોય છે. રેકર્ડ પરના પુરાવા ઉપરથી એકબાજુ એમ જણાઇ આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે અને બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ નથી અથવા તો કહેવાતો ગુન્હો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ

પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહિ. જેથી ફરિયાદપક્ષમાં રહેલ શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. આમ, આરોપી કહેવાતા બનાવમાં નિર્દોષ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૭.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનાર બનાવના અરસામાં સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાની આસપાસ જોગવડ રામદુતનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાંક મકાને ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૪ વર્ષ, ૧૦ મહીનાવાળી સાથે ફોન ઉપર વાતચીત કરી લલચાવી, ફોસલાવી તેમજ આરોપીએ ભોગબનનારના નાના ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગબનનાર ઘરે એકલી હતી ત્યારે આરોપી પોતાની ઈકો ગાડી લઈ ફરિયાદીના રહેણાંક મકાને ગુન્હાહિત ઈરાદાથી રુમની અંદર પ્રવેશી, ફરિયાદીની ભોગબનનાર સગીરવયની દીકરીને એકાંતમાં મળી, ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શરીરે અડપલા કરી, ચુંબન કરી તથા છાતીના ભાગે અડપલા કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૮ તથા ૧૨

મુજબનો ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– હકારમાં

મુદ્દાનં. ૨– નકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

**૧૦.** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગબનનાર એક બાળકી છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઇ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઈપણ વ્યક્તિ જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગબનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઇલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઇઓ મુજબનો પુરાવો લઇ તેની પૂર્તતા કરી પુરવાર કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઇલ જસ્ટીશ રુલ–૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગબનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઇએ. સદર રુલ–૧૨ ની જોગવાઇઓને જુવેનાઇલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટની કલમ–૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઇઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન સર્ટિફિકેટ અથવા કોઈપણ એક્ઝામિનેશને બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો કોઈપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઈ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઈજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

**૧૦.૧** આ કામે ફરિયાદપક્ષ દ્વારા ભોગબનનાર સગીરવયના હતા તે સાબિત કરવા ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક-૧૫ થી ભોગબનનારને

સોગંદ ઉપર તપાસેલ છે. જેમાં ભોગબનનારે પોતાની જન્મ તા.૦૬/૦૫/૨૦૦૯ હોવાનું જણાવેલ. તેમજ આ કામે આંક–૨૧ થી જામનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર તથા આંક–૨૨ થી જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ રજૂ થયેલ છે. જે દસ્તાવેજોમાં ભોગબનનારની જન્મ તા.૦૬/૦૫/૨૦૦૯ દર્શાવેલ છે. જે બંને દસ્તાવેજો બચાવપક્ષ દ્વારા કબુલ કરવામાં આવેલ છે. જેથી તે દસ્તાવેજોને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. જે દસ્તાવેજો જોતાં ભોગબનનાર બનાવ સમયે ઉંમર ૧૪ વર્ષ અને ૧૦ માસના સગીરવયના હોવાનું પુરવાર થાય છે. આમ, એવીડન્સ એક્ટની કલમ–૩૫ વંચાણે લેતાં આ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહ્ય હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. તેથી મુદ્દા નં.૧ નો જવાબ '**હકાર**'માં આપું છું.

**<u>મુદ્દા નં.૨</u> :–**

**૧૧.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૧૫ થી ભોગબનનારને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૧૬ થી સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબનું નિવેદન રજૂ થયેલ છે. તેમનો સમગ્ર પુરાવો જોતાં ભોગબનનારે જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, આરોપી ભોગબનનારને ફેસબુક ઉપર મેસેજ તથા ફોન કરેલ હોય અને જબરજસ્તીથી તેણીની સાથે શારીરિક અડપલા કરેલ હોય. આમ, ફરિયાદપક્ષ દ્વારા ભોગબનનારને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારબાદ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે જણાવ્યા મુજબની હકીકત અગાઉ કોર્ટમાં જણાવેલ હતી.

**૧૧.૧** આમ, ભોગબનનારનો ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં આરોપીની

સંડોવણીકારક કોઇ પુરાવો ભોગબનનારની જુબાનીમાંથી જણાઈ આવતો નથી. તેમજ ભોગબનનારના પોલીસ રુબરુના નિવેદન તથા આંક–૧૬ થી રજૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ના નિવેદનમાં જણાવેલ હકીકત ભોગબનનારના સોગંદ ઉપરના પુરાવાથી પુરવાર થતી ન હોય તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**૧૨.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૧૭ થી ભોગબનનારની માતા/ફરિયાદીને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૧૮ થી ફરિયાદ રજૂ છે. તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેમની પુત્રી સાથે કોઇ બનાવ બનેલ નહીં હોવાનું જણાવેલ તેમજ આરોપી તેમના ઘરે આવેલ હોય અને તેમની દીકરી સાથે શારીરિક અડપલા કરેલ હોય તેવું બનેલ નહીં હોવાનું જણાવેલ. ભોગબનનારે પણ તેમને તે સંબંધે કોઈ વાત કરેલ હોય તેવું જણાતુ નથી. જેથી ફરિયાદપક્ષે ફરિયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ.વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારબાદ બચાવપક્ષ દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે,પોલીસે જણાવ્યા મુજબની હકીકતે તેઓએ અગાઉ કોર્ટમાં જણાવેલ.

**૧૨.૧** આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકત સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ ન હોય જેથી આરોપીએ ફરિયાદીના ઘરમાં ગુન્હાહિત ઈરાદાથી પ્રવેશ કરી, ભોગબનનાર સાથે બળજબરી કરેલ હોય કે શારીરિક અડપલા કરેલ હોય તેવું પુરવાર થતુ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૨૬ થી હરદેવસિંહ ઉમેદસિંહ જાડેજાને તપાસેલ છે. સને ૨૦૨૪માં તેઓ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતો દરમ્યાન

પી.એસ.આઇ. બી.બી. કોડીયાતરે તેઓ દ્વારા લીધેલી એક ફરિયાદ યાદી સાથે તેમના પો.સ્ટે.માં આવતા તેઓએ આ ફરિયાદ તેઓના પો.સ્ટે.માં ફ.ગુ.રજી.નં.૧૮૦/૨૦૨૪, આઇ.પી.સી.કલમ–૩૫૪, ૩૫૪(એ), તથા પોકસો એકટની કલમ–૮ તથા ૧૨ મુજબ ગુન્હો નોંધેલ હતો. આ ગુન્હાની નોંધ પો.સ્ટે.ની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૫ થી તા.૧૨/૦૨/૨૦૨૪ નાં રોજ કલાક–૨૦:૨૦ વાગ્યે નોંધ કરેલ હતી. ત્યારબાદ આ ગુન્હાની તપાસ પો.સ્ટે.નાં પી.એસ.આઇ.શ્રી બી.બી.કોડીયાતર સાહેબને સોંપી આપેલ હતી. તેમના પુરાવામાં આંક–૨૭ થી ગુન્હો રજીસ્ટર કરવાની યાદી તથા આંક–૨૮ આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી રજૂ કરેલ છે.

**૧૩.૧** બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ બાબતે તેઓને કોઇ જાતમાહિતી નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ ફરિયાદ રજીસ્ટર કર્યા સિવાય તથા આરોપીની અટક નોંધ કર્યા સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર ભરત ભીખુભાઇ કોડીયાતરને તપાસેલ છે. સદર તપાસ કરનાર અમલદારે આ કામે તપાસની તમામ કાર્યવાહી કરેલી અને દસ્તાવેજો કબજે લીધેલા.

**૧૫.** આ કામે આંક–૨૩ થી આરોપીને અટક કર્યાનું, મુદ્દામાલ મોબાઇલ તથા ઇકો કાર કબજે કર્યાનું પંચનામુ, આંક–૨૪ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજૂ છે જે બચાવપક્ષ દ્વારા કબુલ કરવામાં આવેલ. પરંતુ આ કામે ભોગબનનાર તથા ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય જેથી સદરહુ પંચનામા ફરિયાદપક્ષને મદદકર્તા નથી.

**૧૬.** આમ, ઉપરોક્ત તમામ પુરાવાની ચર્ચાને અંતે ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, આરોપીએ ભોગબનનાર સાથે ફોન ઉપર વાતચીત કરી લલચાવી, ફોસલાવી, ભોગબનનારના નાના ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભોગબનનાર ઘરે એકલી હતી ત્યારે ફરિયાદીના રહેણાંક મકાને ગુન્હાહિત ઈરાદાથી રુમની અંદર પ્રવેશી, ભોગબનનારને એકાંતમાં મળી, તેણીની સાથે બળજબરીપૂર્વક શરીરે અડપલા કરી, ચુંબન કરી તથા છાતીના ભાગે અડપલા કરેલ હોય તેથી મુદ્દા નં.૨ નો જવાબ '**નકાર**'માં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: હુકમ :-**

**૧.** આ કામના આરોપી ગોવિંદનાથ ઓમકારનાથ પાંડે, રહે.વિજયનગર, કજુરડા પાટીયા, તા.જામખંભાળીયા, જિ.દેવભૂમિદ્વારકા મૂળ રહે. કમાલપુર ગામ, થાણા બદલાપુર, જિ.જોનપુર, ઉતરપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૫૪(એ), ૪૪૮, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૮ અને ૧૨ મુજબના ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

**૩.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળો ટેકનો સ્પાર્ક કંપનીનો મોડેલ KE5 વાળો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેના IMEI નં.૩૫૯૯૬૬૬૦૧૩૩૦૯૦૪ વાળો તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૨ વાળી મારુતી સુઝુકી કંપનીની ઈક્કો કાર જેના રજી. નં. GJ 10 DN 5271 કે જેના ચેસીસ

નં.MA3JDT08WPFB97876 અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અન્યથા માલીકીની ખરાઈ કરી તેનાં ખરા માલીકને અપીલ સમય બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦[મી], માહે એપ્રીલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબીન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539